# આવકવેરાનું રિટર્ન ભરવા સંબંધે સીબીડીટીએ દાખલ કરેલો નવો નિયમ


**ટૅક્સ રામાયણ**

**પરેશ કપાસી**




સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટૅક્સીસે (સીબીડીટી) આવકવેરા ધારાની કલમ ૧૩૯(૧)(બી)માં જણાવાયેલી વ્યક્તિઓ દ્વારા ફરજિયાતપણે ટૅક્સ રિટર્ન ફાઇલ કરવાને લગતી શરતો ધરાવતો નવો આવકવેરા નિયમ ૧૨એબી દાખલ કર્યો છે. આ નિયમ ઇન્કમ ટૅક્સ (નાઇન્થ અમેન્ડમેન્ટ) રુલ્સ, ૨૦૨૨માં દાખલ કરવામાં આવ્યો છે અને એ રુલ્સ નોટિફાય કરાયા છે. અહીં નોંધવું ઘટે કે આની પહેલાં ફાઇનૅન્સ ઍક્ટ, ૨૦૧૯ દ્વારા આવકવેરા ધારામાં ૧૩૯મી કલમમાં સાતમી જોગવાઈ ઉમેરવામાં આવી હતી. વ્યક્તિની આવક કરમુક્તિની મર્યાદા કરતાં ઓછી હોવા છતાં અમુક સ્થિતિમાં તેમણે ફરજિયાતપણે આવકવેરા રિટર્ન ભરવું એવી જોગવાઈ એમાં કરવામાં આવી હતી. એમાં કહેવામાં આવ્યું હતું કે જેમણે પાછલા વર્ષે કરન્ટ અકાઉન્ટમાં ૧ કરોડ કરતાં વધારે રકમ જમા કરાવી હોય, જેમણે વિદેશપ્રવાસ પાછળ બે લાખ રૂપિયા કરતાં વધારે ખર્ચ કર્યો હોય અને આખા વર્ષ દરમ્યાન વીજળીનું બિલ એક લાખ રૂપિયા કરતાં વધારે આવ્યું હોય એ લોકોએ ફરજિયાતપણે આવકવેરાનું રિટર્ન ભરવું પડશે. હવે સીબીડીટીએ કરદાતાઓની સંખ્યા વધે એ હેતુથી નવો રુલ ૧૨એબી દાખલ કર્યો છે.

નવા નિયમ મુજબ પાછલા વર્ષે જે વ્યક્તિઓની બિઝનેસના વેચાણ/ટર્નઓવર/રિસિટ્સનું પ્રમાણ ૬૦ લાખ રૂપિયા કરતાં વધારે હોય, પ્રોફેશનલ આવકનું પ્રમાણ ૧૦ લાખ રૂપિયા કરતાં વધારે હોય, કુલ ટીડીએસ/ટીસીએસનું પ્રમાણ ૨૫,૦૦૦ રૂપિયા (વરિષ્ઠ નાગરિકો/અતિ વરિષ્ઠ નાગરિકોના કેસમાં ૫૦,૦૦૦ રૂપિયા) કરતાં વધારે હોય અને સેવિંગ્સ બૅન્ક ખાતામાં વર્ષ દરમ્યાન ૫૦ લાખ રૂપિયા કરતાં વધારે રકમ જમા કરાવવામાં આવી હોય તેમણે ફરજિયાતપણે આવકવેરા રિટર્ન ભરવું જરૂરી છે.


લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.


## સવાલ તમારા...

**મારું નામ કમલાબહેન મહેતા (નામ બદલ્યું છે) છે. મારી ઉંમર ૭૬ વર્ષની છે. હું અપંગ છું. મારી પાસે રહેવા માટેનો વન બીએચકેનો ફ્લૅટ છે, જેમાં હું અને મારા પતિ રહીએ છીએ. ફ્લૅટ ૪૭૦ ચો. ફૂટનો છે. અત્યાર સુધી હું કરવેરો ભરતી આવી છું, પરંતુ મારો પ્રશ્ન એ છે કે શું મારે દર વર્ષે આવકવેરા રિટર્ન ભરવું જરૂરી છે? અહીં જણાવવાનું કે મારી પાસે વ્યાજની આવક સિવાય બીજી કોઈ આવક નથી. શું મારે આવકવેરા રિટર્ન ભરવું પડશે?**

આપના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે આપની કુલ આવક જો પાંચ લાખ રૂપિયા કરતાં વધારે હોય તો જ તમારે આવકવેરો ભરવો પડે અને રિટર્ન ભરવું પડે. રિટર્ન ભરવા માટેની બીજી શરતો એ છે કે તમે પાછલા વર્ષમાં કરન્ટ અકાઉન્ટમાં એક કરોડ રૂપિયા કરતાં વધુ રકમ જમા કરાવી હોય, વિદેશપ્રવાસ પાછળ બે લાખ રૂપિયા કરતાં વધારે ખર્ચ કર્યો હોય અને તમારું આખા વર્ષનું વીજળીનું બિલ એક લાખ રૂપિયા કરતાં વધારે આવ્યું હોય. તમે આપેલી વિગતો પરથી દેખાય છે કે તમને ઉપરની શરતોમાંથી કોઈ શરત લાગુ પડતી નથી. આથી તમારે રિટર્ન ભરવાની જરૂર નથી.

જો તમારા ડાયરેક્ટ ટૅક્સને લગતા કોઈ સવાલ હોય તો સબ્જેક્ટમાં બિઝનેસ લખીને મોકલો askgmd@mid-day.com પર. મિડ-ડેના એક્સપર્ટ આપશે તમને ગાઇડન્સ.